
# ઊર્જા વપરાશ અને બિલ સંબંધી તમારી ચિંતાઓ હળવી કરો

## કેવી રીતે સ્માર્ટ મીટર તમને અને તમે સંભાળ લેતા હો તે વ્યક્તિને મદદરૂપ થઇ શકે છે



carersUK
making life better for carers

smart meters
Join the energy revolution

## સ્માર્ટ એનર્જી GB અને Carers UK (કેરર્સ યુકે)

સ્માર્ટ એનર્જી GB અને Carers UK સંભાળકર્તાઓને તેમના પોતાના અને તેઓ જેમની સંભાળ લેતા હોય તે બન્ને માટે સ્માર્ટ મીટરના સંપૂર્ણ ફાયદાઓ મેળવવામાં મદદરૂપ થવા સાથે મળીને કામ કરી રહ્યાં છે.

## સ્માર્ટ મીટર તમને અને તમે જેની સંભાળ લેતા હો તેમને મદદરૂપ થઇ શકે છે

આપણામાંથી અધિકાંશ લોકો આપણે કેટલી ઊર્જાનો વપરાશ કરીએ છીએ તેની કાળજી રાખવાનો પ્રયત્ન કરીએ છીએ. અને જ્યારે તમે કોઇની સંભાળ લેતા હો ત્યારે, તમે તેમના ઊર્જાના વપરાશ અને બિલ વિષે પણ વિચાર કરી શકો છો. સ્માર્ટ મીટર મદદરૂપ થઇ શકે છે.

સ્માર્ટ મીટર તમે કેટલી વીજળી અથવા ગેસ વાપરો છો તે રેકોર્ડ કરે છે, તમારા વર્તમાન મીટરની જેમ જ. તેઓ એક ઇન-હોમ ડિસ્પ્લે સાથે આવે છે. ઇન-હોમ ડિસ્પ્લે ક્યારેક IHD તરીકે પણ ઓળખાય છે. તે રિઅલ-ટાઇમ રીતે એ દર્શાવે છે કે તમે જે વ્યક્તિની સંભાળ લેતા હો તે કેટલી ઊર્જાનો વપરાશ કરી રહ્યાં છે અને તેમણે કેટલો ખર્ચ કર્યો. તમે એ પણ જોઈ શકો છો કે તેમણે આજે, આ અઠવાડિયે અથવા આ મહિને કેટલો વપરાશ કર્યો.

જ્યારે બિલ આવે ત્યારે, તે તમે વાપરેલી ઊર્જાના આધાર પર હોય છે, અંદાજિત નથી હોતું. તેથી, તે વધુ ચોક્સાઇભર્યા હોય છે અને તમને કેટલું બિલ આવશે તેની વધુ સારી કલ્પના આપે છે.

## ઑટોમેટિક મીટર રિડિંગ

સ્માર્ટ મીટર અન્ય રીતે પણ મદદરૂપ થઇ શકે છે. સ્માર્ટ મીટર દ્વારા રિડિંગને સીધા અને સુરક્ષિત રીતે તમારા ઊર્જા સપ્લાયરોને મોકલવામાં આવે છે. તેથી, તમારે — અથવા તમે સહાય કરતા હો તે વ્યક્તિએ — મીટર વાંચવા માટે સીડી ચડવાની અથવા કબાટમાં સરકવાની જરૂર નથી.

તેનો અર્થ છે કે તમારી વ્યસ્ત કાર્ય સૂચિમાંથી એક કામ ઓછું થઇ જાય છે.

તેમાનાં ઘણાં લોકો અમને કહે છે કે તે તેમને તેમના ઊર્જા વપરાશને સંભાળવામાં મદદરૂપ થાય.

**જૉ તેમની સાસુના સંભાળકર્તા છે.** તેમના ઘરે પહેલેથી જ એક સ્માર્ટ મીટર હતું અને તેમની સાસુએ પણ એક મીટર લઇ લેવું જોઇએ તેવી ભલામણ કરી. તે તેના પરિણામથી ખરેખર ખુશ છે.




"પહેલા તો મારી સાસુ સ્માર્ટ મીટર લેવા તૈયાર નહોતી, પરંતુ તેણીને તેના ફાયદાઓ જણાવ્યા પછી મેં તેણીને સપ્લાયરનો સંપર્ક કરવા અને એક મીટર ઇન્સ્ટોલ કરાવવા મનાવી લીધી.

તે મને એ બાબતની માનસિક શાંતિ આપવામાં મદદરૂપ થાય છે કે અમે ઊર્જાના ખર્ચ પર નજર રાખીએ છીએ અને આશા છે કે તે નિયંત્રણની બહાર નહીં જાય. ઇન-હોમ ડિસ્પ્લે તમને તમારો દિવસ પસાર થાય તેમ તમને તમારા ખર્ચ પર નજર રાખવા દે છે."

– જૉ

## સ્માર્ટ મીટર કેવી રીતે કાર્ય કરે છે



**1.** તમે તેનો ઉપયોગ કરો તેમ સ્માર્ટ મીટર તમારા ઊર્જા વપરાશને રેકોર્ડ કરે છે



**2.** IHD તમે કેટલી ઊર્જાનો વપરાશ કરી રહ્યાં છો અને કેટલો ખર્ચ કરી રહ્યાં છો તે બતાવે છે




**3.** સ્માર્ટ મીટર આપમેળે તમારા ઊર્જા સપ્લાયરને રિડિંગો મોકલે છે



**4.** તમે કેટલી માત્રામાં ગેસ અને વીજળીનો વપરાશ કર્યો છે તેના આધાર પર તમે બિલ મેળવો છો

સ્માર્ટ મીટર ઇન્ટરનેટ સાથે જોડાયેલ નથી. કે પછી ઇન-હોમ ડિસ્પ્લે પણ ઇન્ટરનેટ સાથે જોડાયેલ નથી. તેથી, તેને મેળવવા માટે તમારી પાસે ઇન્ટરનેટ ઍક્સેસ હોવું જરૂરી નથી. આ ચિત્ર એક નમૂનારૂપ ઇન-હોમ ડિસ્પ્લેને દર્શાવે છે. અમુક મીટર તેનાથી અલગ દેખાઇ શકે છે, પરંતુ તે બધા સમાન રીતે કાર્ય કરે છે.




ઇન-હોમ ડિસ્પ્લે અને આંકડાઓ ફક્ત દૃષ્ટાંતરૂપી ઉદ્દેશો માટે જ છે

## ઊર્જાના વપરાશ વિષે સુમાહિતગાર નિર્ણયો લો

સ્માર્ટ મીટર ઘરની ઉર્જા બચાવવામાં મદદ કરી શકે છે, પરંતુ તે આપમેળે થતું નથી. તમે કેટલી ઊર્જાનો વપરાશ કરી રહ્યાં છો અને તેનો ખર્ચ કેટલો આવી રહ્યો છે તેની સારી સમજ મેળવવા માટે તમે IHD પરની માહિતીનો ઉપયોગ કરી શકો છો. અને તમારા ઊર્જાના રોજિંદા વપરાશ વિષે નિર્ણયો લેવા માટે તમે તે માહિતીનો ઉપયોગ કરી શકો છો.

તે માહિતી તમને અને તમે જે વ્યક્તિની સંભાળ લેતા હો તેને એ બાબતની ખાતરી આપવામાં પણ મદદરૂપ થાય છે કે હૂંફાળા અને આરામદાયક રીતે રહેવા હીટિંગ ચાલુ કરવામાં કોઇ વાંધો નથી.

તમે એ બાબત પર પણ કામ કરી શકો છો કે તેઓ તેને બદલે બીજી કઇ રીતે ઊર્જાની બચત કરી શકે છે.

ઉદાહરણ તરીકે, IHD તમને જ્યારે આકસ્મિક રીતે કંઇ ચાલુ રહી જાય તો તેને જાણવામાં મદદરૂપ થઇ શકે છે, જેથી તમે એ સુનિશ્ચિત કરી શકો છો કે તમે જેમને સહાય કરતા હો તે વ્યક્તિ ભૂલથી ઊર્જાનો વપરાશ કરી રહી ન હોય.



## સ્માર્ટ મીટર વિષેના તથ્યો

### 1. સ્માર્ટ મીટર ભાડે રહેતા અને પ્રિ-પે ગ્રાહકો માટે ઉપલબ્ધ છે

પહેલેથી જ ઘણાં ઘરો સ્માર્ટ મીટર મેળવવા માટે પાત્રતા ધરાવે છે. કેટલાક અત્યારે સ્માર્ટ મીટર મેળવી ન પણ શકે, પરંતુ વિતરણના અંત પહેલા તેઓ આ મીટર મેળવી શકશે. ઊર્જા સપ્લાયર તમને જણાવી શકે છે કે તમે જે વ્યક્તિની સંભાળ લેતા હો તે એક મીટર મેળવી શકે કે કેમ. તેઓ તમને એ પણ જણાવી શકે છે કે તેને કેટલી જલ્દી ઇન્સ્ટોલ કરાવી શકાય.

જો તમે ઘર ભાડે આપતા હો તો પણ તમે એક સ્માર્ટ મીટર મેળવી શકો છો, ઊર્જા બિલ પર તમારૂં નામ હોય તો.

અને જો તમારી અથવા તમે સહાય કરતા હો તે વ્યક્તિ પાસે એક **પ્રી-પે** મીટર હોય — તો તમે એક પ્રી-પે સ્માર્ટ મીટર મેળવી શકો છો. તેના એનેલોગ પ્રી-પે મીટરની તુલનામાં વધુ ફાયદાઓ હોય છે. ઉદાહરણ તરીકે, તમે IHD પર તપાસી શકો છો કે ટોપ-અપ કરવાનો સમય ક્યારે છે. ત્યારબાદ તમે ઓનલાઇન કે મોબાઇલ ફોન દ્વારા તેમજ દુકાન પરથી પણ ટોપ-અપ કરાવી શકો છો.

### 2. તમારી માહિતી સલામત અને સુરક્ષિત છે

સ્માર્ટ મીટર સપ્લાયરોને તમારા ઘરમાં કોઇ ઉપકરણો ચાલુ છે કે બંધ અથવા કીટલી ચાલુ છે તે વિષેની કોઇ માહિતી મોકલતા નથી. અને તમે કેટલી ઊર્જાનો વપરાશ કરી રહ્યાં છો તે ફક્ત તમે, તમે સંભાળ લેતા હો તે વ્યક્તિ અને તેમના ઊર્જા સપ્લાયરો જ જોઇ શકે છે.

### 3. સ્માર્ટ મીટરથી બધું વધારે સરળ બની જાય છે

વપરાશમાં સરળ રહે તે રીતે સ્માર્ટ મીટર અને IHDની રચના કરવામાં આવી છે. IHD પર ફક્ત નજર કરવા દ્વારા તમે જોઇ શકો છો કે તમે સંભાળ લેતા હો તે વ્યક્તિ કેટલી ઊર્જા વાપરી રહી છે અને તેઓ ગેસ અને વીજળી પર કેટલો ખર્ચ કરી રહ્યાં છો. સ્માર્ટ મીટર અથવા મીટરો ઇન્સ્ટોલ કરતી વ્યક્તિ તમને તેનો કેવી રીતે ઉપયોગ કરવો તે બતાવશે. તેઓ એક સાદી માર્ગદર્શિકા પણ આપશે.

### 4. તમે નિયંત્રણમાં રહો છો

તમે IHD ક્યાં મૂકો છો અને તમે તેનો કેટલો ઉપયોગ કરો છો તે તમારા પર આધાર રાખે છે. તમે જે વ્યક્તિની સંભાળ રાખતા હો તે વ્યક્તિ તેને દરરોજ જોવા ન ઇચ્છતી હોય, તો તમે તેને કબાટમાં મૂકી શકો છો.

## એક્સેસિબલ ઇન-હોમ ડિસ્પ્લે (AIHD)

**કેટલાક ઊર્જા સપ્લાયરો ઇન-હોમ ડિસ્પ્લેનું ઍક્સેસિબલ આવૃત્તિ પણ આપે છે, જે ક્યારેક AIHD તરીકે ઓળખાય છે. તેમાં એવી સુવિધાઓ હોય છે જે તમને અથવા તમે સંભાળ રાખતા હો તે વ્યક્તિને મદદરૂપ થઇ શકે છે. ઉદાહરણ તરીકે, તેમાં મોટા બટન હોય છે અને તે માહિતીને મોટેથી વાંચી સંભળાવી શકે છે.**

**જો તમે અથવા તમે સહાય કરતા હો તે વ્યક્તિ નીચે મુજબની સ્થિતિ ધરાવતા હો, તો AIHD મદદરૂપ થઇ શકે છે:**

- **અંધ હો અથવા ઓછું દેખાતું હોય**
- **તમારી હથેળીઓ અથવા કાંડાઓનો ઉપયોગ કરવામાં મૂશ્કેલી આવતી હોય અથવા**
- **સ્મરણ શક્તિ સંબંધી મૂશ્કેલીઓ હોય**

**ઍક્સેસિબલ ઇન-હોમ ડિસ્પ્લે મેળવવા વિષે વધુ જાણવા માટે તમારા ઊર્જા સપ્લાયર પાસે પૂછપરછ કરો.**




ઍક્સેસિબલ ઇન-હોમ ડિસ્પ્લે અને આંકડાઓ ફક્ત દૃષ્ટાંતરૂપી ઉદ્દેશો માટે જ છે

## **સ્માર્ટ મીટર મેળવવું**

**ગેસ અને વીજળી કંપનીઓ દ્વારા સ્માર્ટ મીટર ઇન્સ્ટોલ કરવામાં આવે છે. તેઓ તમારા જૂના ઊર્જા મીટરને બદલશે અને આવું તેઓ એકદમ સલામત અને સુરક્ષિત રીતે કરશે. તેના માટે ગ્રાહકને કોઈ વધારાનો ખર્ચ લાગતો નથી.**

**તે કેવી રીતે કરવું એ અહીં આપેલ છે:**

1. **સ્માર્ટ મીટર ઇન્સ્ટોલ કરવાની તારીખ અને સમય નક્કી કરવા માટે તમારા ઉર્જા સપ્લાયરનો સંપર્ક કરો. અધિકાંશ કેસમાં, તમે સહાય કરતા હો તે વ્યક્તિ માટે તમે અપોઇન્ટમેન્ટ લઇ શકો છો, પરંતુ સપ્લાયર અમુક સુરક્ષા પ્રશ્નો પૂછી શકે છે.**

   **તમે એ સુનિશ્ચિત કરી શકો છો કે તે સમય એવો હોય જ્યારે તમે પણ ત્યાં હાજર રહી શકો. સપ્લાયરે એ તપાસવું જોઇએ કે તમે સંભાળ લેતા હો તે વ્યક્તિની કોઇ ચોક્કસ જરૂરીયાતો છે કે કેમ, જેમ કે સંભાળકર્તાનું ત્યાં હાજર રહેવું જરૂરી હોવું.**

2. **મીટર ઇન્સ્ટોલ કરવાવાળી વ્યક્તિ નક્કી કરેલા સમયે આવશે. તેઓ તમને અથવા તમે સંભાળ લેતા હો તે વ્યક્તિને તેમના ID બતાવવા જોઇએ. જો તેઓ તમને તેમના ID ન બતાવે તો, તમે તેમને બતાવવાનું કહી શકો છો.**

3. **તેઓ હયાત મીટરને ડિસ્કનેક્ટ કરશે અને તેની જગ્યાએ સ્માર્ટ મીટર બેસાડશે.**

4. **મીટર ઇન્સ્ટોલ કરવાવાળી વ્યક્તિ દ્વારા તમને અને તમે સંભાળ લેતા હો તે વ્યક્તિને ઇન-હોમ ડિસ્પ્લેનો ઉપયોગ કેવી રીતે કરવો તે બતાવવામાં આવવું જોઇએ.**

**મહત્વપૂર્ણ**

- **સ્માર્ટ મીટર ઇન્સ્ટોલ કરવામાં આવે ત્યારે કોઇ એક વ્યક્તિએ ઘરે રહેવું જરૂરી રહેશે. તે તમે, તમે સહાય કરતા હો તે વ્યક્તિ અથવા બન્ને હોઇ શકો છો.**
- **જો તમે સપ્લાયરને જણાવ્યું હોય કે સ્માર્ટ મીટર ઇન્સ્ટોલ કરવામાં આવે ત્યારે તમારે ત્યાં હાજર રહેવું જરૂરી છે અને જો કોઇ કારણસર તમે હાજર રહી ન શકો, તો સપ્લાયર દ્વારા સ્માર્ટ મીટર ઇન્સ્ટોલ કરવામાં આવવું જોઇએ નહીં**
- **જો એક જ સમયે ગેસ અને વીજળી બન્ને મીટરોને બદલવામાં આવતા હોય તો, તેમાં આશરે બે કલાકનો સમય લાગશે. જો ફક્ત એક જ મીટર બદલવાનું હોય, તો તે ઝડપથી થઈ શકે છે.**
- **સ્માર્ટ મીટરને બેસાડવામાં આવે તેટલા ટૂંકા સમય સુધી ઊર્જા સપ્લાયને બંધ કરી દેવામાં આવશે. જો તમે સંભાળ લેતા હો તે વ્યક્તિને તેમની આરોગ્ય સ્થિતિમાં મદદરૂપ થવા ઊર્જા મેળવવી જરૂરી હોય, તો જ્યારે તમે અપોઇન્ટમેન્ટ બૂક કરો ત્યારે ઊર્જા સપ્લાયરને તેની જાણ કરો.**

## તમે જેમની સંભાળ લો છો તેમની મદદ કરવામાં તમારી સહાયતા

**સ્માર્ટ મીટર તમને અને તમે સહાય કરતા હો તે વ્યક્તિને તમારા ઊર્જા વપરાશ પર નજર રાખવામાં મદદરૂપ થાય છે. પરંતુ અમે જાણીએ છીએ કે તેઓ સંભાળ લેતા હોય તેવી વ્યક્તિના ઊર્જા વપરાશમાં શ્રેષ્ઠ સહાય મેળવવાનું સુનિશ્ચિત કરવા માટે ઘણાં સંભાળકર્તાઓ કંઇ વધુ કરવા સક્ષમ બનવા માગે છે.**

## એક નામિત તૃતીય-પક્ષ બનો

**જો તમારે તમે જેમની સંભાળ લેતા હો તેમના માટે નિર્ણયો લેવાના હોય અને તેમના માટે બિલ ભરવાના હોય, તો તેમના વતી એક નામિત તૃતીય-પક્ષ બનવાથી તમને મદદ મળી શકે છે. તમારે શું કરવું જરૂરી છે તે જાણવા માટે તેમના ઊર્જા સપ્લાયરનો સંપર્ક કરો.**

## સ્માર્ટ મીટરનું સુરક્ષિત ઇન્સ્ટોલેશન

**સંવેદનશીલ ગ્રાહકોની સુરક્ષા માટે, ઘણાં ઊર્જા સપ્લાયરો એક પાસવર્ડ સ્કીમનો ઉપયોગ કરે છે. સ્માર્ટ મીટર ઇન્સ્ટોલ કરવા માટે જ્યારે તમે અપોઇન્ટમેન્ટ બૂક કરો ત્યારે, તમે સપ્લાયર સાથે એક પાસવર્ડ રાખવા માટે સંમત થઇ શકો છો. ત્યારબાદ તેમને ઘરમાં આવવા દેતા પહેલાં મીટર ઇન્સ્ટોલ કરવાવાળી વ્યક્તિ દ્વારા તમને અથવા તમે સહાય કરતા હો તે વ્યક્તિને તે પાસવર્ડ કહેવામાં આવવો જોઇએ.**

## પ્રાયોરિટી સર્વિસ રજીસ્ટર (PSR) માટે સાઇન-અપ કરો

તમે સંભાળ લેતા હો તે વ્યક્તિને પ્રાયોરિટી સર્વિસ રજીસ્ટર (PSR) પર લેવી તે પણ એક સારો વિચાર હોઇ શકે છે.

PSR સૌથી સંવેદનશીલ એવા ગ્રાહકોને ઊર્જા સપ્લાયરો તરફથી યોગ્ય સહાય મેળવવામાં મદદરૂપ થાય છે. જેમાં ઊર્જા સપ્લાયના કોઇપણ યોજનાબદ્ધ અવરોધોની અગાઉથી જાણ કરવી અથવા પાવર કટના સમયે પ્રાથમિકતા આપી વ્યવહાર કરવાનું સમાવિષ્ટ હોઇ શકે છે.

PSRમાં સાઇન અપ કરવું એ નિઃશુલ્ક છે. તેના પર સાઇન અપ કર્યા પછી કોઇ વ્યક્તિ મોટા ફોર્મેટ અથવા બ્રેઇલ બિલ આપવાની વિનંતી પણ કરી શકે છે. તેઓ એકાઉન્ટ સ્ટેટમેન્ટ અથવા બિલને તેમના બદલે તમને અથવા તેમને મોકલવામાં આવે ત્યારે તમને મોકવાનું કહી શકે છે.

જો તમને લાગે કે PSR પર હોવાથી તમે સહાય કરતા હો તે વ્યક્તિને મદદ મળશે, તો વધુ જાણવા માટે તેમના ઊર્જા સપ્લાયરનો સંપર્ક કરો.

## વધુ માહિતી

Carers UKની વેબસાઇટ પર બિલ અને ઘર ખર્ચ સંબંધી મદદ વિષે ઘણી બધી માહિતી ઉપલબ્ધ છે: **carersuk.org/help-and-advice/financial-support/help-with-bills-and-household-costs/**

## આગળ શું કરવું એ અહીં આપ્યું છે

આજે જ 'એક સ્માર્ટ મીટર મેળવો' શોધો. અથવા તમે સંભાળ લેતા હો તે વ્યક્તિના ઊર્જા સપ્લાયરનો સંપર્ક કરો અને તેમને એક મીટર મળી શકે કે કેમ તે પૂછો.

તમે તેમના બિલ પર તેમની સંપર્ક વિગતો મેળવી શકો છો. અથવા અમુક સપ્લાયરના નિઃશુલ્ક ફોન અને ટેક્સ્ટફોન નંબરો મેળવવા માટે નીચેનાની મુલાકાત લો: **smartenergyGB.org/supplier-free-phone-numbers**

Carers UK (કેરર્સ યુકે) એ ઈંગ્લેન્ડ અને વેલ્સમાં (246329) અને સ્કોટલેન્ડમાં (SC039307) રજીસ્ટર કરેલ ચેરિટી છે અને ઈંગ્લેન્ડ અને વેલ્સમાં (864097) રજીસ્ટર થયેલ ગેરંટી દ્વારા મર્યાદિત કંપની છે.

# ઊર્જા વપરાશમાં તમને અને તમે સંભાળ લેતા હો તેવી વ્યક્તિને મદદરૂપ થવું

carersUK making life better for carers

smart meters Join the energy revolution

એપ્રિલ 2023 સુધી માહિતી ખરી છે